# જિંદગી ના મિલેગી દોબારા

અમદાવાદની ફૅમિલી કોર્ટમાં જવાનું થયું. પારિવારિક ઝઘડા, ખાસ કરીને લગ્નજીવનના ઝઘડાનો જ્યાં નિકાલ કે ફેંસલો આવે છે એવી આ જગ્યા ગૂજરાત વિદ્યાપીઠની પાછળ રેલવે ટ્રૅકની નજીક આવેલી છે. ત્યાં આવેલા લોકો કોઈ પણ ક્લાસના હોય છે. મર્સિડીસમાંથી ઊતરેલી એક છોકરી અને એની સાથે કોર્ટમાં દાખલ થઈ રહેલા એના પતિ, જે સ્કૂટર પર આવ્યાં હતાં એને જોઈને મને ઈર્શાદ કામિલની આ કવિતા યાદ આવી ગઈ. આપણે ત્યાં લગ્નો ડિગ્રી, પરિવારની પ્રતિષ્ઠા, માતા-પિતાની પહોંચ કે સ્ટેટસ અને છોકરાનું બૅન્ક બૅલેન્સ-છોકરીનું સૌંદર્ય, કુંડળીના ગ્રહો જોઈને થાય છે. પોતાની મરજીથી જીવનસાથી શોધે ત્યારે માતા-પિતા સંતાનને કહે છે, 'આ તારે લાયક નથી.' કેટલાંક સંતાનો આ વાત માની લે છે તો કેટલાંક સંતાનો માતા-પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કરે છે. આવા ભાગીને કે કુટુંબની મરજી વિરુદ્ધ જઈને કરેલાં લગ્નોને 'લવ મૅરેજ' તરીકે પણ ઓળખવામાં આવે છે. માતા-પિતાએ જે લગ્ન નક્કી કર્યાં હોય એને 'એરેન્જ મૅરેજ' કહેવાય છે... મજાની વાત એ છે કે માતા-પિતા માને છે કે એરેન્જ મૅરેજમાં લવ આપોઆપ દાખલ થઈ જશે અને લવ મૅરેજમાં એરેન્જમેન્ટ ગોઠવાઈ નહીં શકે!

લગ્ન બે વ્યક્તિએ સાથે જીવવાની-પોતાની મરજી અને સ્નેહથી એકબીજાના આધારે જિંદગી વિતાવવાની એક સરસ સમજણ છે. એમાં લવ અને એરેન્જમેન્ટ (સમાધાન) બંનેનાં પલડાં એકસરખાં હોવાં જોઈએ. તેમ છતાં પ્રેમ અને કૉમ્પ્રોમાઇસ, એરેન્જમેન્ટ કે સમાધાનનું પલડું ક્યારેક નીચે થઈ જાય તો ક્યારેક પ્રેમનું પલડું વધુ ભારે થાય. પરફેક્ટ વજન હોય તો પણ પરફેક્ટ બૅલેન્સ કેળવતાં પહેલાં જેમ બે પલડાં ઉપર-

નીચે થયાં કરે એમ સંબંધોનાં બે ત્રાજવાં પણ ઉપર-નીચે થાય એ સ્વાભાવિક છે. મર્સિડીસમાંથી ઊતરેલી છોકરી અને સ્કૂટર પર આવેલો છોકરો જોઈને મને આ કવિતા યાદ આવી, કારણ કે સામાન્યતઃ ઉશ્કેરાટમાં કે માતા-પિતાને દેખાડી આપવા, બૉયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડને દેખાડી આપવા માટે કરવામાં આવેલાં લગ્નોમાં ક્યાંક કાચી સમજનો ઉછાળો હોય છે. આવું કંઈ થાય ત્યારે એકબીજાંની સાથે નહીં જીવવા સર્જાયેલાં બે જણાં અંતે છૂટાં પડે છે. સાથે વિતાવેલો સમય ક્યાં જાય? એ સમય અડધો-અડધો વહેંચાઈને બંને પાસે રહી જાય છે...

પ્રેમમાં પડેલાં બે જણાં છૂટાં પડે ત્યારે કદાચ ઉઝરડા, ઘસરકા અને ઘા એટલા ઊંડા કે પીડાદાયક નથી હોતા, પરંતુ એ જ પ્રેમ જો લગ્નમાં પલટાયો હોય, સામાજિક સ્વીકૃતિ કે અસ્વીકૃતિ પછી, બે જણાં થોડો સમય સાથે જીવ્યાં હોય તો આ પીડા અને ઉઝરડા એટલાં ઊંડાં હોય છે કે જીવનભર એનાં નિશાન ભૂંસી શકાતાં નથી. જેના વગર નહીં જિવાય એવું લાગતું હતું એની સાથે નહીં જિવાય એવું લાગવા માંડે એની વચ્ચેનો સમય બંનેની અણસમજનો અને ઉતાવળનો સમય હોય છે. સ્વપ્નો પૂરાં કરવાની ઉતાવળ, પોતે સાચો નિર્ણય કર્યો છે એવું પુરવાર કરવાની ઉતાવળ... એની સાથે સાથે સફળતા અને સંપત્તિ માટેનો સંઘર્ષ પણ ક્યારેક ઉમેરાય છે ત્યારે સંબંધો છેલ્લી પ્રાયોરિટીમાં ચાલી જાય છે. લગ્ન સિવાયનું બધું મહત્ત્વનું બની જાય છે. પ્રેમ સિવાયનું બધું અગત્યનું પુરવાર થાય છે. જેમણે એકબીજાંની સાથે રહેવા માટે સહુની સામે વિદ્રોહ કર્યો હતો એ બે જણાં હવે સહુની સાથે વાત કરે છે, એકબીજાં સાથે અબોલા લે છે. એવાં બે જણાં ક્યારેક છૂટાં પડ્યાં પછી એકબીજાંને મિસ કરે, એકબીજાં માટે પરફેક્ટ હતાં એવું અનુભવે ત્યારે ઈર્શાદ કામિલની આ કવિતા બહુ સાચી લાગે છે. બૅન્ક બૅલેન્સ કે કુંડળીના બૅલેન્સને આધારે કરાયેલાં લગ્નોમાં ઈમોશનલ બૅલેન્સ ખોરવાઈ જાય પછી લાગે છે કે સાચું બૅલેન્સ તો લાગણીઓનું હતું, એમાં માગણીઓને ઘુસાડીને જિંદગી ગૂંચવી નાખી...

*મૈં ફિર આઉંગા વો બન કર,*
*જો તુમ્હેં અચ્છા લગે, તુમ્હારે પાસ રહે...*

આ કવિતા લગભગ તમામ સંબંધોના આઈના જેવી કવિતા છે. અલગ થયેલાં બે લોકો એકબીજાં માટે ઝૂરે તો છે જ, પણ જ્યારે ફરીથી સામસામે આવે છે ત્યારે એમની પહેલાં એમની કડવાશ, તકલીફ, ઝઘડા, પીડા અને પ્રશ્નો પહોંચી જાય છે. સમાધાન કે સમજણની ભૂમિકા શરૂ થાય તે પહેલાં એમની સમસ્યાઓ નાગની જેમ ફેણ ઊંચકીને ઊભી રહે છે. શાહરુખ ખાનની એક ફિલ્મ 'ચલતે ચલતે' આવા સંબંધોની કથા હતી. બે જુદા ક્લાસ, વિચાર, ઉછેર, માન્યતા,

જ્ઞાતિ, જાતિ, ધર્મ કે ભાષાની માનસિકતામાં ઊછરેલાં તદ્દન જુદાં લોકો છૂટાં પડે ત્યારે પીડા તો થાય જ છે, પણ સાથે જીવવામાં ક્યારેક વધુ પીડા હોય એમ પણ બને...

*મૈં તુમ્હારી ટીસ, તુમ્હારા દર્દ,*
*તુમ્હારા ખાલીપન સમેટ કર, જા રહા હૂં જમીં કે પાર,*
*હર ઈક જહન સે પરે, હર ઇક ચુભન સે પરે*
*ઇસી આસરે કિ ઇસ બાર ન મેરી જાત અલગ હોગી,*
*ન મેરા રંગ, ન તહજીબ ન જુબાન, ન હૈસિયત ન શાન*
*ન રોજગાર કા ફિક્ર, ન હોગા મેરી તકદીર કી નાકામિયોં કા જિક્ર*
*ઇસ બાર મૈં તુમ્હારે હાલાત મેં આઉંગા, અપની ઔકાત મેં આઉંગા*

હિન્દી ફિલ્મો, પ્રેમગીતો, પ્રેમકવિતાઓ, પ્રેમની વાર્તાઓએ હંમેશા એવું શીખવ્યું છે કે પ્રેમને ઊંચ-નીચ સાથે, ઉંમર સાથે, જાતિ, ધર્મ કે ભાષા સાથે, વ્યક્તિની આર્થિક કે સામાજિક સ્થિતિ સાથે સંબંધ નથી હોતો... સત્ય એ છે કે જ્યારે બે જણાં એકબીજાંની સાથે જીવવાનું શરૂ કરે ત્યારે આ જ બધા મુદ્દા વારાફરતી માથું ઊંચકવા લાગે છે. શરૂઆતમાં જ્યારે પ્રેમ હોય ત્યારે સાથે ફરતાં, મજા કરતાં, પૈસા કોણ ખર્ચે એ મહત્ત્વનું નથી હોતું, પરંતુ લગ્ન પછી એક ઘરમાં જીવતાં બે જણાંએ નાની-નાની જરૂરિયાતો અને આર્થિક સંકડામણનો સામનો કરવો પડે ત્યારે જે પ્રેમના બળે જીવવાની હામ હતી એ તૂટવા લાગે છે. પાંચ બેડરૂમના ઘરમાં ઊછરેલી છોકરી શરૂઆતમાં ચાલીના એક રૂમમાં ખુશ હોવાનો ડોળ કરી શકે છે, પરંતુ સમય સાથે એને સમજાઈ જાય છે કે જિંદગીના કડવા સત્યનો ઘૂંટડો એટલી સહેલાઈથી ગળે ઉતારી જવાશે નહીં. પહેલાં મરાઠીમાં બનેલી ફિલ્મ 'સૈરાટ' અને પછી હિન્દીમાં બનેલી ફિલ્મ 'ધડક'માં સાથે જીવવા માટે ભાગી છૂટેલાં બે જણાં જિંદગીના સંઘર્ષમાંથી કેવી રીતે પસાર થાય છે એની કથા બહુ સુંદર રીતે કહેવાઈ છે.

કેટલાંક યુગલો આ સંઘર્ષના દબાણ હેઠળ તૂટી જાય છે. જે લોકો આ સંઘર્ષ નથી સહી શકતાં એ છૂટાં પડી જાય છે અને પોતે કરેલા પ્રેમને ભૂલ સમજીને ભૂલવાનો પ્રયાસ કરે છે. માતા-પિતા સાચાં હતાં અને પોતાનો પ્રેમ એક ક્ષણિક આવેગ હતો એવું કેટલાંક સ્વીકારે છે તો કેટલાંક જીવનભર એ સ્વીકાર અને અસ્વીકારની વચ્ચેની કોઈ એવી ભૂમિકામાં જીવે છે જ્યાં એ પોતે સુખી નથી થતા અને પોતાના એક સમયના જીવનસાથી કે પ્રિયપાત્રને પણ સુખી જોઈ શકતાં નથી. અહીંથી બે ફાંટા પડે છે. કેટલાક લોકો સ્વયંના અસ્તિત્વને પુરવાર કરવામાં એવા તો ખોવાઈ જાય છે કે સફળતા, સંપત્તિ અને સ્વયંની સિદ્ધિઓને એક પછી

એક સર કરવા લાગે છે... તો બીજી તરફ જનારા ડિપ્રેશનમાં ધકેલાઈ જાય છે અને અસ્તિત્વને ભૂંસવા માટે મરણિયા થઈ જાય છે. બેમાંથી કોઈ દિશા સાચી તો નથી જ. આ સફળતા, સંપત્તિ કે સિદ્ધિ સંબંધ અને સ્નેહની અવેજીમાં કશું આપી શકતાં નથી. બીજી તરફ સ્વયંને ભૂંસવા બેઠેલા લોકો 'દેવદાસ' બનીને બરબાદ ભલે થઈ જાય, પણ એમાંથી કશું પ્રાપ્ય બહાર નીકળતું નથી. સાચો રસ્તો એ છે કે સમજણના પુલ પરથી પસાર થઈને સંબંધની એક દિશા કે ડાયમેન્શનની નિષ્ફળતાને સ્વીકારી લેવી. પતિ-પત્ની તરીકે નાપાસ થયેલાં બે જણાં ઉત્તમ માતા-પિતા કે ઉત્તમ મિત્રો બની જ શકે. એકબીજાંની અપેક્ષા પૂરી નહીં કરી શકતાં બે જણાં કદાચ સ્ત્રી અને પુરુષ તરીકે સહઅસ્તિત્વમાં ન ગોઠવાઈ શકે પરંતુ સ્વતંત્રતાના એક પ્લૅટફૉર્મ પરથી સ્વીકારના બીજા પ્લૅટફૉર્મ સુધી સમતાનો એક પુલ બાંધી શકાય, સમજણની સીડી બનાવી શકાય. જે સતત ત્યાં જ હોય, ને જરૂર પડે ત્યારે એના પરથી પસાર થઈને એકબીજા સુધી પહોંચી શકાય. સેતુને બદલે દીવાલો ચણનારા પોતે જ બાંધેલી દીવાલોમાં કેદ થઈ જાય છે... પહેલાં અહંકારમાં ચણેલી આ દીવાલો શાંતિ આપે છે પણ ધીમે ધીમે સાંય સાંય કરતી એકલતા એવી તો ઘેરી વળે છે કે ઘાંઘાં થઈ ગયેલાં બે જણાં એ દીવાલો તોડવાના પ્રયત્નો કરે તો પણ પાકી થઈ ગયેલી આ દીવાલો તૂટતી નથી.

ત્યારે કદાચ લાગે કે જેને તકલીફ અને સમસ્યાઓ માનીને છૂટાં પડ્યાં એ તદ્દન નગણ્ય બાબતો હતી, પરંતુ એ પછી બંનેનું અસ્તિત્વ એવું ખોવાય છે કે એકબીજાં સુધી પહોંચવાના બધા રસ્તા બંધ થઈ જાય છે.

*તકલીફ કી તહોં સે નિકાલ લાઉંગા પૂરી જિંદગી,*
*લૌટૂંગા, તો તુમ કિસ નામ સે મિલોગી?*

• • •

# ખુદા કા ભી કોઈ નામ,
# કોઈ ચહેરા નહીં હોતા!

‘જેમ એક બાપ પોતાની દીકરીઓને ઘેર પ્રસંગ હોય ને આમંત્રણ આપવા આવે એમ હું આવ્યો છું.’ મોરારિબાપુએ જ્યારે આ કહ્યું ત્યારે ફક્ત બાપુ જ નહીં, આસપાસના સહુની આંખો ભીની થઈ ગઈ હતી. અયોધ્યાની રામકથામાં આ બહેનો આવે એ માટેનું નિમંત્રણ આપવા જવાનું જ્યારે નક્કી થયું ત્યારે ખેતવાડી કે ફૉકલેન્ડ રોડ તરીકે ઓળખાતા સેક્સવર્કર બહેનોના વિસ્તારમાં બાપુને કેવી રીતે લઈ જવા એ મારે માટે એક ચૅલેન્જ હતી. ખેતસીભાઈએ મને આ કામ કરવાનું સોંપ્યું ત્યારે એક ફફડાટ હતો. બાપુ વિશે નહીં, એ જગ્યા અને ત્યાંના લોકો વિશે. બાપુની પવિત્રતા અને કરુણા બંને મેં જોયાં છે, ચોટીલાની કથાના સમયે કોઈ પણ પ્રકારના અણગમા વગર કિન્નરોનું નૃત્ય નિહાળી રહેલા બાપુના ચહેરા પર શુદ્ધ કરુણા જોઈ છે મેં!

ક્રિસમસના દિવસો પૂરા થઈ રહ્યા હતા અને નવું વર્ષ શરૂ થઈ રહ્યું હતું ત્યારે મોરારિબાપુ કોઈ સાન્તાક્લોઝ બનીને મુંબઈ આવ્યા. આ સેક્સવર્કર બહેનોને અયોધ્યા લઈ જઈને એમના નવા વર્ષની કોઈ નવી જ શરૂઆતના નિમિત્ત બનવાનું એમણે નક્કી કરી લીધું. જેમ વર્ષ પૂરું થાય અને અંધકારથી પ્રકાશ તરફનો પ્રવાસ શરૂ થાય, એક આખી કોરી ડાયરી માણસના હાથમાં આવે ને એમાં એ પોતાના વર્ષની શરૂઆત કોઈ જુદી રીતે, નવી રીતે કરી શકે એમ આ સ્ત્રીઓને એમની બહેતર જિંદગીની એક કોરી ડાયરી બાપુ આપવા માગતા હતા.

ગલીઓમાં એમને લઈ જવાની વ્યવસ્થા ગોઠવતી હતી

ત્યારે એમને નહીં ગમે, એ અકળાઈ કે ચિડાઈ જશે... એવા વિચારો નથી આવ્યા, પણ એ ગલીઓની ગીચ અને ગંદી માનવવસ્તીમાં માંસની દુર્ગંધ અને માણસોની અવરજવર વચ્ચે થઈને બાપુને કેમ લઈ જવા એવી અસમંજસ જરૂર થઈ. કમાઠીપુરાના કૉર્પોરેટર જાવેદ જુનેજા અને એમ.એલ.એ. અમિન પટેલે મારી ખૂબ મદદ કરી... 'ધંધા'ના ટાઇમે - સાડા આઠના સુમારે ત્યાં સો-સવા સોથી વધુ બહેનો બાપુને સાંભળવા એકત્રિત થઈ ત્યારે એમના મેકઅપ કરેલા ચહેરા અને લૉ-કટ બ્લાઉઝની સાથે એમની આંખોમાં દેખાતી શ્રદ્ધા જરાય મૅચ નહોતી થતી! આ સ્ત્રીઓની આંખોમાં દેખાતી શુદ્ધતા અને આસ્થા એમના હૃદયનો આઈનો બનીને પ્રતિબિંબિત થતી હતી. જેને પોતાની જિંદગી વિશે થોડી પણ ફરિયાદ હોય એણે એક વાર આ વિસ્તારની મુલાકાત લેવી જોઈએ. નાગપાડા પોલીસ સ્ટેશનની પાછળ કમાઠીપુરાની ૧૦, ૧૧, ૧૨, ૧૩ ગલીઓ આવેલી છે. આ ગલીઓ જીવતું દોજખ છે. નાનાં નાનાં ઊભાં મકાનોની સાંકડી સીડીઓ અને સીડીઓની પાછળના ભાગમાં પણ બાંધી દીધેલી ખોલીઓમાં ઊભા રહેતાં પણ શ્વાસ રૂંધાય એવા વાતાવરણમાં આ છોકરીઓ મેકઅપ લગાડીને પોતાના શરીરની નુમાઈશ કરે છે. આખી રાત જાગતી આ સ્ત્રીઓ વહેલી સવારે સૂએ છે, બપોરે જાગે છે... એમનાં શરીરોનો દુખાવો અને ઉજાગરાથી આંખ નીચે પડી ગયેલાં કાળાં કૂંડાળાં એમના જીવનનું સત્ય છે. એચ.આઇ.વી. પૉઝિટિવ ગ્રાહકો એમને મૃત્યુની ભેટ આપી જાય છે. ભાવ-તાલ કરતા ગ્રાહકો એમના શરીર સાથે છેડછાડ કરે છે... 'મી ટુ'ની ફરિયાદ કરતી આ અભિનેત્રીઓને કોઈ દિવસ કલ્પના પણ ન આવે એ રીતે ખરીદતાં પહેલાં આ સ્ત્રીઓનાં સ્તનનાં માપ લેતા ગ્રાહકો પણ આવે છે. રૂમાલ ભરાવીને કે પેડથી છાતી મોટી નથી કરી એની ખાતરી કરીને પછી એમના શરીરને ખરીદનારા ગ્રાહકો કેટલું અપમાન અને કેટલું નિર્લજ્જ વર્તન કરતા હશે એનો વિચારમાત્ર કમકમાટી જન્માવે છે.

બાપુની રાહ જોવા માટે બેઠેલી આ બહેનોને એમનો દલાલ વચ્ચેથી આવીને બોલાવી જાય, ગ્રાહક પતાવીને આ બહેન પાછી પોતાની ખુરશીમાં ગોઠવાય ને શ્રદ્ધાથી બાપુની રાહ જુએ ત્યારે મનોમન એમની સ્થિતપ્રજ્ઞતાને વંદન કરવા સિવાય બીજું કંઈ ન કરી શકવાની આપણી લાચારી આપણને ભીતરથી તોડી નાખે. આ એ સ્ત્રીઓ છે જે સમાજનો કચરો ચાળીને કહેવાતા સભ્ય અને સુઘડ સમાજની દીકરીઓને સલામત રાખવાનું કામ કરે છે. સ્ત્રીના શરીરના ભૂખ્યા વરુઓ જ્યારે શિકારે નીકળે ત્યારે આ સ્ત્રીઓ પોતાનું શરીર ધરી દઈને આપણી દીકરીઓને એમની નજર અને વરુવૃત્તિથી બચાવે છે. સાચું પૂછો તો આ સમાજનો કચરો નથી, પણ સમાજના કચરાને ચાળતી એક એવી વ્યવસ્થા છે જેને લીધે આ સમાજ સ્વચ્છ રહી શકે છે, એમ કહીએ તો ખોટું નથી.

કુતૂહલથી આ વિસ્તારમાં આંટા મારનારાની સંખ્યા પણ ઓછી નથી. આ દેશમાં ગણિકા ક્યાં નથી? મુંબઈ, કલકત્તા, દિલ્હી, લખનૌ, કાનપુર, આગ્રા, પૂના, બૅંગ્લોર, મદ્રાસ, બનારસ, મથુરા, સુરત જેવા વિકસી રહેલા શહેરો છે, જ્યાં જ્યાં બહારથી આવીને એકલા વસતા પુરુષો છે ત્યાં બધે આવાં બજારો ઊભાં થયાં છે. એકલા જીવતા પુરુષને શરીરની ભૂખ જાગે ત્યારે એ પૈસા આપીને આ ભૂખ સંતોષી શકે એવી વ્યવસ્થા ઊભી કરનાર કોઈ સ્ત્રી નહીં હોય પણ પુરુષ જ હશે ને? તપ કરી રહેલા ઋષિઓનો તપોભંગ કરવા માટે અપ્સરાને મોકલવામાં આવતી. આ અપ્સરાઓ કદીએ વૃદ્ધ ન થાય એવા એમને આશીર્વાદ કે વરદાન હતું. અર્થ એ થાય કે પુરુષનું મનોરંજન કરવા માટે બનાવવામાં આવેલું રમકડું ક્યારેય નકામું કે જૂનું ન થવું જોઈએ. ગણિકા, વેશ્યા, વારાંગના, કસબણ, પાતર, રામજણી, નાચેણ, નર્તકી, મુરલી, દેવદાસી, નાયકીણ, તવાયફ, કંચની, પતિતા જેવાં કેટલાંય નામો આવી બહેનો માટે વપરાય છે. કાવ્યનું અલંકારશાસ્ત્ર એમને ‘સામાન્યા’ કહીને સંબોધે છે, પરંતુ આ બહેનોને મળ્યા પછી સમજાયું કે એ સામાન્યા નથી પણ શ્રેષ્ઠા છે! ફ્રાન્સ અને રશિયાના ઇતિહાસમાં પણ આવી સ્ત્રીઓના ઉલ્લેખ છે. એમનું કામ પુરુષના શારીરિક આવેગને સંતોષવાનું છે, પરંતુ નવાઈની વાત એ છે કે શેરીઓમાં રખડીને ગ્રાહકો શોધતી સાવ સસ્તામાં સમર્પણ કરી દેતી સ્ત્રીઓથી શરૂ કરીને એક રાતના લાખો રૂપિયા લેતી હાઈ સોસાયટીની કૉલગર્લ સુધી આ બિઝનેસ વિસ્તરેલો છે. એમના બિઝનેસ અને કથાઓ ઉપર અનેક પુસ્તકો લખાયાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આવી સ્ત્રીઓના અનેક અભ્યાસ (રિસર્ચ અને સરવે) થયા છે.

આ સ્ત્રીઓ જે રીતે જીવે છે એ જોઈને એક વાત સમજાય છે, દેહ વેચવા છતાં એમની પાસે પેટ પૂરતું ભોજન નથી. એમાંની મોટા ભાગની અભણ છે, એટલે હિસાબ-કિતાબ આવડતા નથી. દસ ટકા, પંદર ટકા વ્યાજે એ લોકો પૈસા ઉધાર લે છે. વ્યાજ ચૂકવતાં ચૂકવતાં જીવન પૂરું થઈ જાય છે, પણ મૂડી ઊભી જ રહે છે. આખી જિંદગી શરીર વેચ્યા પછી પણ એમની પાસે વૃદ્ધાવસ્થા માટે કોઈ બચત નથી હોતી. એમને સન્માન તો ઠીક સહાનુભૂતિ પણ ભાગ્યે જ મળે છે.

ઇતિહાસને તપાસીએ તો સમજાય કે સૉક્રેટિસ જેવી બુદ્ધિશાળી વ્યક્તિ પણ એસ્પેસિયા નામની એક વારાંગનાના ઘરે અવાર-નવાર જતા હતા. એસ્પેસિયા માત્ર સુંદર જ નહોતી અત્યંત બુદ્ધિશાળી હતી. સુશિક્ષિત હોવાને કારણે એ ફિલસૂફી, રસ, અલંકાર જેવા વિષયો પર જાહેર વક્તવ્ય આપતી હતી. પેરીક્લિસ જેવો યોદ્ધો અને શક્તિશાળી પુરુષ અંતે એસ્પેસિયા સાથે લગ્ન કરીને એને પોતાની મહારાણીનું સ્થાન આપે એ કેવી સ્ત્રી હશે? ફ્રાઇન નામની એક ગણિકા વિશે

એક કથા પ્રચલિત છે. રાજ્યમાં જ્યારે દુકાળ પડ્યો ત્યારે રાજ્યના જમીનદારે ફ્રાઇનને ઘોડા પર બેસીને તદ્દન નગ્ન થઈને આખા ગામમાં ફરવાની શર્ત ઉપર પોતાના અનાજના ભંડાર ખોલી આપવાનું વચન આપ્યું. કારણ એ હતું કે ફ્રાઇને આ જમીનદારને પોતાને ત્યાંથી કાઢી મૂક્યો હતો. વેર લેવા માટે આ જમીનદારે શર્ત તો મૂકી પણ એ ફ્રાઇન જ્યારે નગ્ન બનીને ફરે ત્યારે એનું અપમાન ન થાય તે માટે આખા ગામના લોકોએ પોતાના ઘરના દરવાજા, બારી, બારણાં એવાં બંધ કરી દીધાં કે એને જોવા માટે કોઈ હોય જ નહીં... આ કથાઓ પણ ગણિકાઓ વિશે જ છે, પરંતુ હવે આવું સન્માન કે સલામતી રહ્યાં નથી.

કમાઠીપુરા અને કૉંગ્રેસ હાઉસથી શરૂ કરીને ફોકલૅન્ડ રોડ સુધી વિસ્તરેલો આ કહેવાતી 'વેશ્યા'ઓનો વિસ્તાર ખરેખર ભૂખમરાનો, લાચારીનો, ગરીબીનો અને માનવ અધિકારના સતત હણાતા, પીડાતા જીવોનો વિસ્તાર છે. બાર બાય આઠની ખોલીમાં ચાર-પાંચ છોકરીઓ ઝગારા મારતી લાઇટો વચ્ચે પોતાના શરીરની નુમાઈશ કરે, ભાવ-તાલ થાય અને આ સ્ત્રીઓ જ્યારે શરીર સોંપે ત્યારે કોઈ પણ પ્રકારના ગમા-અણગમા વગર એમણે માત્ર રમકડાની જેમ આ પુરુષોને પોતાના શરીર સાથે રમવા દેવું પડે છે.

ફિલ્મોમાં બતાવવામાં આવે છે એવી કોઈ ગ્લૅમર અહીંયાં નથી. આ પીડાનાં કારખાનાં છે. અહીં રાત-દિવસ માત્ર અસલામતી, અપમાન અને અસંતોષનો જન્મ થાય છે. આમાંની કેટલીયે સ્ત્રીઓને એવું પણ યાદ નથી કે એમને ક્યાંથી ઉઠાવીને લાવવામાં આવી છે. પાછા જવું પણ હોય તો ક્યાં જવું એ એમને માટે પ્રશ્ન છે. વર્ષો સુધી પાંજરામાં પૂરી રાખેલા પંખીને મુક્ત કરી દઈએ અને એ ઊડવાનું ભૂલી ગયું હોય એમ આ સ્ત્રીઓએ પોતાના નસીબને સ્વીકારી લીધું છે.

અમૃતા પ્રીતમની એક નવલકથા 'નાગમણિ'માં એક સંવાદ છે... જેમાં એનો હીરો કુમાર એને બેફામ ચાહતી નાયિકા અલકાને કહે છે, 'હું એ સ્ત્રી પાસે જતો, એને વીસ રૂપિયા આપતો અને મારા શરીરની તરસ છિપાવીને પાછો ફરતો.'

'મને પણ વીસ રૂપિયા આપી દે. માની લે હું એ જ સ્ત્રી છું.' અલકા કહે છે. 'પણ એ સ્ત્રીનો કોઈ ચહેરો કે નામ નહોતું.' કુમાર દલીલ કરે છે. 'જેમ ઈશ્વરનો પણ કોઈ ચહેરો કે નામ નથી હોતું, એમ?' અલકા પૂછે છે...

• • •

# તૂટનેવાલે દિલ, હોતે હૈં 'કુછ ખાસ'

એક ટ્રેનમાં એક કવિ પ્રવાસ કરી રહ્યા હતા. બાજુવાળાએ સામાન્ય વાતચીતમાં એમને પૂછ્યું, "શું કરો છો?" કવિ મહાશયે ગર્વથી કહ્યું, "કવિ છું." પૂછનારાએ ઉત્સાહ અને કુતૂહલથી કહ્યું, "તમારી લવસ્ટોરી કહો ને..." જનસામાન્યમાં એક માન્યતા પ્રવર્તે છે કે, દિલ તૂટ્યું હોય, એ જ કવિ બની શકે. વિરહની ગઝલ કે કવિતા ત્યારે જ લખાય જ્યારે પ્રેમિકા છોડી જાય! પીડાની કવિતા લખતી સ્ત્રીઓના પ્રેમસંબંધો કે લગ્નજીવન વિશે ધારી લેનારાની સંખ્યા બહુ મોટી છે!

'રોક સ્ટાર' નામની ફિલ્મમાં એક નાનકડી કૅન્ટીનનો માલિક રણબીર કપૂરને કહે છે, "તેરા દિલ નહીં તૂટા ના ઇસલિયે તૂ કુછ ખાસ નહીં કર પાયા... આર્ટ કે લિયે દર્દ ચાહીએ, દુઃખ ચાહીએ..." મોટા ભાગના લોકો એમ માને છે કે આ વાત સાચી છે ! દિલ તૂટે, પીડા થાય, પ્રેમસંબંધમાં દગા-ફટકા કે છૂટા પડવાનું થાય એ જ માણસ કલાકાર બની શકે, એવું માનનારાની સંખ્યા ઓછી નથી.

આ દિલ તૂટવું, પ્રેમસંબંધમાં પીડા મળવી, વિરહ કે પેઇનની અનુભૂતિ થવી... એ કદાચ, કોઈ બહુ મોટી ઘટના નથી. સ્કૂલમાં ભણતા નાનકડા ટીનએજરથી શરૂ કરીને પચાસ વર્ષના આધેડ સુધીના લોકો કે એથીયે મોટી ઉંમરના લોકોને પ્રેમમાં દિલ તૂટવાનો અનુભવ બહુ સ્વાભાવિક અને સામાન્ય રીતે થતો જ હોય છે. પ્રેમ એટલે કોઈ બહુ મોટી ધરતી હચમચાવી નાખે એવી કે આકાશ તૂટી પડે એવી ઘટના નથી હોતી. કોઈ ગમે, કોઈની સાથે સમય પસાર કરવો ગમે, એના વિશે વિચાર આવે કે એની કલ્પનામાં ચહેરા પર આપોઆપ સ્મિત પ્રગટે, એના

વગર કશું ગમે નહીં, સુખમાં કે દુઃખમાં એ જ વ્યક્તિને યાદ કરીને સારું લાગે... આવી બધી અનુભૂતિને 'પ્રેમ' કહી શકાય. બીજી એક બહુ મહત્ત્વની અને વિચિત્ર બાબત એ છે કે, આપણે 'પ્રેમ'ને સીધો સ્ત્રી-પુરુષની રિલેશનશિપ સાથે જોડી દઈએ છીએ. સર્વવ્યાપ્ત, સતત અનુભવી શકાય અને આપણા અસ્તિત્વનું અભિન્ન અંગ છે એવા પ્રેમને તો આપણે ઓળખતા જ નથી, કદાચ! આજનાં માતા-પિતા એમના ઉછેરમાં ક્યાંક આ સાદી વાત સમજાવવાનું ભૂલી જાય છે. એથીયે આગળ વધીને પોતાના સંતાનના ઉછેરમાં આવા આકર્ષણ કે સામાન્ય આસક્તિનો સ્વીકાર કરવો મોટા ભાગનાં માતા-પિતા માટે સહજ નથી. 'કોઈ ગમે' એ એટલી સ્વાભાવિક વાત છે કે એમાં મોટી 'હો-હા' કરવાની કે, એ વિશે બહુ મોટી સમસ્યા ઊભી કરવાની જરૂર હોતી જ નથી. એક મેચ્યોર કે સમજદાર માતા-પિતા તરીકે નોંધ રાખવાની હોય છે...એટલી કાળજી રાખવાની હોય છે કે આપણું સંતાન કોઈ ખોટી દિશામાં ન જાય, ખોટું પગલું ન લે કે એના આકર્ષણના પરિણામસ્વરૂપે એની કારકિર્દી ઉપર કોઈ આંચ ન આવે! એને બદલે માતા-પિતા પહેલાં જાસૂસ, ને પછી પોલીસ થઈ જાય છે. સંતાન પોતાનાં માતા-પિતાથી ભાગતાં ફરે છે... આકર્ષણ અચાનક જ અદમ્ય થઈ જાય છે. જે માત્ર મન સુધી સીમિત હતું એ અચાનક શરીર સુધી પહોંચી જાય છે. ફોન પર થતી વાતો કે સામસામે જોઈને થતી રણઝણાટી અચાનક એકાંત શોધવા લાગે છે. આપણે ત્યાં પ્રેમ એટલે એનો સીધો અનુવાદ 'પામવું' કરવામાં આવે છે. માણસ તરીકે આપણે બધા જ આપણા પ્રિયજનની સાથે ચોવીસ કલાક રહેવા મળે એવું ઇચ્છીએ છીએ. કોઈને પોતાના પ્રિયજન સાથે ચોવીસ કલાક મળતા જ નથી, ને મળે તો કંટાળા સિવાય કશું બચતું જ નથી એવું આપણે આપણાં સંતાનને કેમ સમજાવી શકતા નથી?

આકર્ષણ તો એ જ બાબત કે વસ્તુનું હોય છે જે ન મળ્યું હોય અથવા જેના સુધી પહોંચવાના પ્રયાસ કરવા પડે. મળી ગયેલી તમામ ચીજો પ્રમાણમાં નકામી અને બિનજરૂરી કેમ લાગે છે? આપણે કેટલીક વાર કેટલા લોકોને મળીએ ત્યારે એમના જીવનની કથાઓ આપણામાં રસ જગાડે છે. મોટી ઉંમર સુધી નહીં પરણેલા લોકો અથવા તૂટેલા પ્રેમસંબંધની ગાથાઓ આપણે માટે કુતૂહલનો, રસનો, ચર્ચાનો, ગૉસિપનો કે સહાનુભૂતિનો વિષય છે. સ્કૂલમાં આપણે કોઈને ચાહતા હતા, આપણને કોઈ ગમતું હતું, ત્યાંથી શરૂ કરીને પતિના મિત્ર, પડોશી, સહકાર્યકર, ભાઈનો મિત્ર કે ભાભીના ભાઈ જેવા સંબંધો સુધી આકર્ષણની ચાદર લંબાય છે... પણ આ આકર્ષણ પ્રેમ છે ખરું?

પ્રેમની અનુભૂતિ કદાચ બહુ વિસ્તૃત, બહુ ઊંડી અને બહુ ઊંચી અનુભૂતિ છે. માપવા કે પામવાની બહાર, ચાહવા કે ઝંખવાની બહાર... વસે છે આ સંબંધ!

જે લોકોને પોતાના પ્રિયજન નથી મળ્યા અથવા તમામ પ્રયાસો છતાં જે પોતાના પ્રેમને પામી નથી શક્યા એવા લોકો એનો ધજાગરો કરવાને બદલે એ ખાલીપાને પોતાની ભીતર સંઘરીને જીવે છે, જીવ્યા કરે છે. આવા અસંખ્ય કિસ્સા આપણી સામે છે... ને આ પ્રેમ એટલે સ્ત્રી-પુરુષનો પ્રેમ નહીં જ! ફોટોગ્રાફર બનવા માગતા માણસને એન્જિનિયર થવું પડે, જ્ઞાતિની છોકરી સાથે પરણી જવું પડે - ને જેને ચાહતા હોઈએ એને 'સૉરી' કહેવું પડે, પરદેશ  જવાનો વિચાર પડતો મૂકવો પડે કે સંતાનને ક-મને પરદેશ જવા દેવાં પડે, ગમતું મકાન ન ખરીદી શકાય કે ન ગમતી વ્યક્તિ સાથે જીવનભર જીવવું પડે - ને, ગમતી વ્યક્તિને મળવું લગભગ અશક્ય બને... આ બધા દિલ તૂટવાના કિસ્સા છે!

નરસિંહની પત્નીનું મૃત્યુ કે મંદોદરી માટે અશોકવાટિકામાં સીતાનું આગમન, દ્રૌપદીને ભરસભામાં પોતાની જાંઘ પર બેસવાનું આમંત્રણ આપતો દુર્યોધન એની પત્ની ભાનુમતિ માટે કે બધું જ જાણ્યા છતાં ઇન્દ્ર સાથે સંબંધ બાંધતી અહલ્યાને આપવામાં આવતો શાપ કે પછી પિતા સામે વિદ્રોહ કરીને ફિરોઝ ગાંધીને પરણેલાં ઇન્દિરાજીનું એના જ પતિ દ્વારા થતું અપમાન, દેશને આઝાદી અપાવવા માટે સંબંધો અને સંયમને હોમી દીધા પછી છેલ્લા દિવસોમાં ગાંધીજી સાથે થયેલો વર્તાવ... આ બધા જ દિલ તૂટવાના કિસ્સા છે. ફરક એટલો છે કે, કેટલાક લોકો આ કિસ્સાઓમાંથી પોતાને નવેસરથી શોધે છે ને કેટલાક લોકો આવા કિસ્સાઓમાં જાતને ખોઈ નાખે છે. જે લોકો પોતાની જાતને નવેસરથી શોધી શકે છે એ સ્પેશિયલ છે, ખાસ છે, ઈશ્વરે પસંદ કરેલા એવા માણસો છે કે જેમના ખભા પર આવું વજન મુકાશે તો એમના ખભા સહી શકશે એવી ઈશ્વરને અને આ માણસોને બરાબર ખબર છે.

સામાન્ય રીતે આ પરિસ્થિતિ દરેકને મળતી નથી, દરેકના ભાગ્યમાં તકલીફ કે પીડા ભોગવવાનું સુખ પણ લખ્યું હોતું નથી. શૈલેન્દ્રનું લખેલું ગીત, "કિસીકી મુસ્કુરાહટોં  પે હો નિસાર... કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર..."માં "મિલ સકે તો" બહુ મહત્ત્વના શબ્દો છે. દરેકને આવાં દિલ તૂટવાનાં સદ્ભાગ્ય મળતાં નથી. આપણે સામાન્ય રીતે 'હું જ કેમ?' અથવા 'વ્હાય મી?' જેવા સવાલો પૂછતા હોઈએ છીએ. આપણે માનીએ છીએ કે આ જગતમાં દુઃખ માત્ર આપણને જ છે અથવા સૌથી વધુ ત્યાગ, બલિદાન આપણે જ કર્યાં છે. સૌથી વધુ પીડા આપણે જ ભોગવી છે. બીજાનું દુઃખ હંમેશા આપણને આપણી સરખામણીએ નાનું લાગે છે અને બીજાનું સુખ હંમેશા આપણને આપણી સરખામણીએ મોટું લાગે છે. જિંદગીનાં કેટલાંક સત્યો સમજી લેવાં જેવાં છે, એમાં આ એક સત્ય બહુ મહત્ત્વનું છે કે આપણને આપણી પીડા ખાસ લાગે... આપણને આપણા

સ્વજનને ગુમાવ્યાનું દુઃખ તીવ્રતમ લાગે, આપણને આપણા દિલ તૂટ્યાનો અવાજ એટલા જોરથી સંભળાય કે પછી બીજા અવાજ સાંભળવા માટે કાન બહેરા થઈ જાય... આમાં કંઈ ખોટું નથી! આ સ્વાભાવિક પણ છે, પરંતુ એક બીજું સત્ય એ છે કે, જગતના તમામ લોકો દિલ તૂટવાના નાના-મોટા પ્રસંગમાંથી પસાર થયા જ હોય છે. "કભી કિસીકો મુક્મ્મલ જહાં નહીં મિલતા, કહીં ઝમીં તો કહીં આસમાં નહીં મિલતા... ઐસા નહીં કી તેરે જહાં મેં પ્યાર ના હો, જહાં ઉમ્મીદ હો ઉસકી વહાં નહીં મિલતા".

દિલ તૂટે તો કદાચ એવો અહેસાસ થાય કે આપણને માત્ર એક અવયવ નથી પણ એની સાથે જોડાયેલાં ઇમોશન્સ પણ છે. આપણી અંદર કોઈ ખાલીપો હશે તો એમાં કંઈ ભરવાની જગ્યા રહેશે. કશું ખૂટતું હશે તો મેળવવાની ચાહના રહેશે. કંઈ ખોયું હશે તો પામવાનો પ્રયાસ જીવતો રહેશે. કોઈને ખોયાની, કશુંક નહીં મળ્યાની પીડા માણી હશે તો બીજાની પીડા જાણવામાં મદદ થશે. અભાવ અનુભવ્યો હશે તો બીજાનો અભાવ સમજી શકાશે...

આપણને નહીં મળ્યાની કે ખોયાની પીડાની ફરિયાદ કરવાને બદલે ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે એણે આપણને આવી ખાસ અનુભૂતિ માટે પસંદ કર્યા. આ અનુભૂતિને કડવાશ કે અભાવ બનાવીને જોવાને બદલે એમાંથી નીકળેલી સમજને બીજા સાથે વહેંચવાનો પ્રયાસ અને પ્રવાસ આપણને માણસ બનાવે છે!

• • •

# આપણે શું બનવું છે, સાદા કે પ્યાદા?

*"જબ વો કમ ઉમ્ર હી થા*
*ઉસને યે જાન લિયા થા કી અગર જીના હૈ*
*બડી ચાલાકી સે જીના હોગા*
*આંખ કિ આખિરી હદ તક હૈ બિસાતેં-હસ્તી*
*ઔર વો મામૂલી સા ઇક મોહરા હૈ*
*ઇક ઇક ખાના બહુત સોચ કે ચલના હોગા*
*બાઝી આસાન નહીં થી ઉસકી*
*દૂર તક ચારોં તરફ ફૈલે થે મોહરે"...*

*...વો જિધર જાતા થા*
*ઉસે મિલતા થા*
*હર નયા ખાના, નયી ઘાત લિયે*
*વો મગર બચતા રહા, ચલતા રહા*
*એક ઘર, દૂસરા ઘર, તીસરા ઘર...*
*...ગો કિ મામૂલી સા મોહરા થા મગર જીત ગયા...*

*યૂં વો ઇક રોજ બડા મોહરા બના*
*અબ વો મહફૂઝ હૈ ઇક ખાને મેં*
*ઇતના મહફૂઝ કિ દુશ્મન તો અલગ*
*દોસ્ત ભી પાસ નહીં આ સકતે*
*ઉસકે ઇક હાથ મેં હૈ જીત ઉસકી*
*દૂસરે હાથ મેં તનહાઈ હૈ.*

જાવેદ અખ્તરની આ કવિતા કદાચ આજના તમામ માણસોની માનસિકતાનું પ્રતિબિંબ છે. આજનાં માતા-પિતા એમનાં બાળકોને હરીફાઈ માટે તૈયાર કરે છે, યુદ્ધ માટે તૈયાર

કરે છે. પહેલા નંબરે આવવા માટે સતત ઉપરની તરફ ધકેલ્યા કરે છે. એ જ્યારે મોટાં થાય છે, બજાર કે સંબંધો સાથે કામ પાડવાનો સમય આવે છે ત્યારે એમને માટે જીતવા સિવાયની બીજી કોઈ વાત મહત્ત્વની રહેતી નથી. એમને લાગે છે કે, એમની જીત જ એમના અસ્તિત્વનો પર્યાય છે. કદાચ જીતવાનો પ્રયાસ તો માફ પણ થઈ શકે, સ્વાભાવિક પણ છે, પરંતુ હવે જીતવાનો અર્થ માત્ર જીતવું નથી રહ્યું, બીજાને હરાવવું એ જીતવાની પહેલી શર્ત છે!

'જીતવું' શબ્દની વ્યાખ્યા બદલાતી જાય છે. આપણી જીત, બીજાની હાર સાથે જોડાવા લાગી છે... કેટલાને હરાવ્યા એના પરથી આપણી જીતનો હિસાબ કરવાનું આપણને ફાવી ગયું છે. જિંદગીની દરેક બાબત હરીફાઈ બની ગઈ છે. જિંદગીનું દરેક સુખ જાણે 'બીજા કરતાં વધુ'ના પ્રમાણમાં માપવામાં આવે છે. સુખ માપવું એ કદાચ સ્વાભાવિક પ્રક્રિયા હોય તો પણ, હવે તો દુ:ખનો પણ હિસાબ કરવામાં આવે છે. "મારું દુ:ખ પણ બીજાથી મોંઘું અને બીજાથી સ્પેશિયલ હોવું જોઈએ..." એવું માનનારા લોકોની સંખ્યા ધીમે ધીમે વધતી જાય છે.

આપણને સૌને લાગે છે કે, જો હરીફાઈમાં નહીં દોડીએ તો એકલા પડી જઈશું. પ્રયાસ કર્યા વગર જ લોકો-સમાજ-મિત્રો, સગાં-વહાલાં, સ્વજન આપણને નિષ્ફળ અથવા હારી ગયાનું લેબલ ચોંટાડી દેશે. આપણે બધા જ બીજાનાં લેબલ બહુ આસાનીથી સ્વીકારતા થઈ ગયા છીએ. આપણી સફળતા બીજાના સર્ટિફિકેટ પર આધારિત છે! આપણી સારાઈ અથવા ભલમનસાઈ પણ બીજાના એપ્રિસિયેશન અથવા વખાણની મોહતાજ છે... મોટા ભાગના લોકોને પોતે કરેલાં સારાં કામ અથવા સોશિયલ વર્ક માટે વખાણથી શરૂ કરીને વાહ વાહ અને પ્રતિભાવથી શરૂ કરીને ઍવૉર્ડ સુધીની અપેક્ષા છે.

સવાલ એ છે કે, જિંદગીની આ દોડમાં જે જીતે છે... આગળ નીકળી જાય છે એ સુખી છે? માણસ જ્યારે મહોરું બની જાય, સાદું જ્યારે પ્યાદું બની જાય ત્યારે એને જે જોઈએ છે તે મળી જાય છે? બીજાના મહોરાને પછાડવા નીકળેલી વ્યક્તિ કદાચ સફળ થઈ પણ જાય - એ જેને હરાવવા-પછાડવા-હંફાવવા માગે છે એ કરી શકે તો એને સંતોષ થાય? સ્વયંને બચાવવાની રમત ક્યારે બીજાને કાપી નાખવાની, તોડી નાખવાની કે પછાડી દેવાની રમત બની જાય છે એની કદાચ રમનારને જ ખબર રહેતી નથી. સ્વમાન ક્યારેક બીજાનું અપમાન બની જાય છે... આપણે બધા રોજિંદી વાતચીતમાંય ફિલૉસૉફી ખંખેરવાનું છોડી શકતા નથી, "શું આપણું હતું? શું લાવ્યા ને શું લઈ જવાના?" જેવાં વાક્યો આપણે કોઈ મહાન સંતની અદાથી બોલી તો નાખીએ છીએ પણ એ વાક્યોનો અર્થ પણ સમજવાની આપણી હેસિયત કે તૈયારી નથી! સ્વીકારવાનો તો સવાલ જ

નથી આવતો. મોટા ભાગના લોકોની જિંદગી આવી હાર-જીતની રમતમાં જ પૂરી થઈ જાય છે. પહેલાં, 'નહીં હારવા' માટે ઝઝૂમતા માણસો ધીમે ધીમે 'હરાવવા' માટે મરણિયા થઈ જાય છે.

આપણે બધા ભૂલી ગયા છીએ કે, માણસ સતત જીતવા માટે જન્મ્યો નથી... આપણે બધા સામાન્યતઃ જિંદગીને જુગાર માનીને જીવતાં શીખી ગયા છીએ. આ જુગારના દાવ પર આપણે સંબંધોથી શરૂ કરીને સમજદારી, સત્ય અને સરળતા સુધીનું બધું જ લગાડી દઈએ છીએ. આપણી પાસે એક એવી દલીલ છે કે જો આવું નહીં કરીએ, તો પાછળ રહી જઈશું, હારી જઈશું... હારેલાને કોઈ સ્વીકારતું નથી - એવી પણ એક દલીલ આપણી પાસે છે. આપણને એવું શીખવવામાં આવ્યું છે કે, આ જગતમાં ફક્ત સફળ માણસો માટે જ જગ્યા છે, માટે યેન કેન પ્રકારેણ સફળ થવું જ રહ્યું. આ સફળતા એટલે શું?

બીજા તમારે પગે પડે તે? તમે બીજાથી સુપિરિયર હો એ? બીજા આપણી ઈર્ષા કરે તે?

પણ આ આખીયે પરિસ્થિતિમાં જો બધા જ આપણી ઈર્ષા કરશે, જો સહુ આપણાથી હારી જશે તો આપણી સાથે કોણ હશે? જો દોસ્તોને પણ આપણે આપણી સફળતાથી આંજવાના પ્રયાસમાં પડી જઈશું તો આપણે જ્યારે ઝાંખા પડીશું ત્યારે મનને માંજવા કોણ આવશે? સાદગી એ નબળા હોવાની નિશાની નથી. સરળતા કે નમ્રતા એટલે બિચારા નહીં, હરીફાઈમાં ન દોડે એને હારવાની બીક લાગે છે એવું માની લેવાની ભૂલ ન કરવી. કેટલાક લોકોને જીતવાનો શોખ નથી હોતો એટલે એમને હારવાની ટેવ છે એમ ન માનવું.

દરેક વ્યક્તિ પાસે આ પસંદગીની ક્ષણ આવતી હોય છે. એણે 'સાદા બનવું છે કે પ્યાદા' એ એણે પોતે જ નક્કી કરવું પડે છે. જે સાદા બનવાનું નક્કી કરે છે એને પ્યાદાની જરૂર નથી પડતી પણ જે પ્યાદા બની જાય છે એને માટે સાદા બનવાની પ્રક્રિયા એની મર્યાદાને પડકારે છે. હારવાનો ભય જ્યારે બીજાને હરાવવાનું ઝનૂન બનવા માંડે ત્યારે માણસ મહોરું બની જાય છે. આપણે બધા જ ભૂલી ગયા છીએ કે, કોઈ પણ રમતમાં હાર-જીત તો ખેલાડીઓ વચ્ચે થાય છે. મહોરું ક્યારેય જીતતું નથી. એ તો રમતમાં એક સાધનમાત્ર બની જાય છે. ખેલાડીની મરજી પ્રમાણે ચાલતું રમકડું.

તો, આપણે શું બનવું છે? 'સાદા' કે 'પ્યાદા'!

• • •